Saturday
23.12.2023
વિકાસ યાત્રા
✳Volume :8 ✳ Issue No.150
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Green city, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

નવીન 'ડેટા સેન્ટર' ગુજરાતની ડિજિટલ ઈકોનોમીને વધુ પ્રોત્સાહિત કરી અન્ય કંપનીઓને આ ક્ષેત્રે રોકાણ માટે પ્રેરણા આપશે - મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ

ગિફ્ટ સિટી- ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે એશિયાની સૌથી મોટી કંપની અંડ્રિજી ગ્રુપના ગાંધીનગર-૧ 'ડેટા સેન્ટર'નું ભૂમિપૂજન સંપન્ન

કમલમ્ ન્યુઝ,

એશિયાની સૌથી મોટી કંપની **Ctrls**નું નવીન 'ડેટા સેન્ટર' ગુજરાતની ડિજિટલ ઈકોનોમીને વધુ પ્રોત્સાહિત કરી અન્ય કંપનીઓને આ ક્ષેત્રે રોકાણ માટે પ્રેરણા આપશે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત ઝડપી વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બન્યું છે ત્યારે તેમના વડાપ્રધાન તરીકે આગામી વર્ષ ૨૦૨૪થી ત્રીજા કાર્યકાળમાં ભારતને વિશ્વને ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનાવવાના લક્ષ્યાંકને સાકારકરવામાં ગુજરાત મહત્તમ પ્રદાન આપશે તેમ,મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે 'વાયબ્રન્ટ ગિફ્ટિલ ગુજરાત'ને વધુ બળ આપવાના લક્ષ્ય સાથે એશિયાની પ્રતિષ્ઠિત કંપની **Ctrls** ગ્રુપના ગાંધીનગર-૧ 'ડેટા સેન્ટર'નું આજે ગિફ્ટ સિટી- ગાંધીનગર ખાતે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે તીર્થંકરમાં જ વડાપ્રધાનશ્રી એ સુરત ખાતે વૈશ્વિક કક્ષાના ગ્રયમંડ બુર્સનો શુભારંભ કરાવ્યો છે. ભારતની મજબૂત અર્થવ્યવસ્થાના પરિણામે વિશ્વના અનેક દેશો રોકાણ સહિત અનેક ક્ષેત્રે ભારત

સાથે જોડાવા તત્પર છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સ્થાયૂલ ગિફ્ટ સિટીમાં અત્યારે અનેક ફાઈનાન્સ-ટેક કંપનીઓકાર્યરત છે ત્યારે આગામી સમયમાં તૈયાર થનાર આ ડેટા સેન્ટર ખૂબ જ મહત્વનું પુરવાર થશે.

ગિફ્ટ સિટીને આગામી સમયમાં મેટ્રો ટ્રેન સહિતની ટ્રાન્સપોર્ટ સુવિધાઓથી જોડવામાં આવશે, તેમ,જણાવી મુખ્યમંત્રીશ્રીએ નવીનડેટા સેન્ટરને ગુજરાતમાં આવકારીને રાજ્ય સરકાર તરફથી જરૂરી સહયોગ આપવા તત્પરતા દર્શાવી હતી. **Ctrls** ગ્રુપના ડાયરેકટર શ્રી રાજીવ વિવેદીએ સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે, ગુજરાત સરકારના સંપૂર્ણ સહયોગથી અમે ગિફ્ટ સિટીમાંડેટા સેન્ટર થકી નવો અધ્યાય શરૂકરવાજઈરહ્યાછીએ. **Ctrls** ગ્રુપ ભારતનાઙ શહેરોમાં ૧૨ ડેટાસેન્ટર ધરાવેછે. આગામી છ વર્ષમાંકંપની **AI** અને ડેટા ક્ષેત્રે અંદાજે બે મિલિયન ડોલરનું રોકાણ કરવાનું આયોજન ધરાવે છે તેમ જણાવી તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા કંપની પોતાનું મહત્તમ પ્રદાન આપશે. **Ctrls** ગ્રુપના ડાયરેક્ટર અને નિયુક્તમેજર જનરલશ્રી વિક્રમ સિંઘે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, ગિફ્ટ સિટીના એમ.ડી.શ્રી તપન રે, **Ctrls** અને **Cloud4C**ના **CIO** શ્રીઅનિલ નામા સહિત ટેકનોલોજી ક્ષેત્રના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.



માંડવી તાલુકાના પીપરીયા, ખંજરોલી અને ગોદાવાડી ગામે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

વિકસિત ભારત યાત્રા યોજનાકીય લાભોથી વંચિત રહેલા નાગરિકોને લાભાન્વિત કરવાનું માધ્યમ બની છે: -આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા આદિવાસીઓના હિતને પ્રાધાન્ય આપ્યું છે:**
- **છેવાડાના ગરીબ, મધ્યમવર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ છે:**

રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચે તેવા આશયથી માંડવી તાલુકાના પીપરીયા,ખંજરોલીઅને ગોદાવાડી ગામે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' યોજાઈ હતી. સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતના નિર્માણની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ગ્રામીણ, ટ્રાઈબલ તાલુકામાં સરકારની યોજનાકીય સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણ કારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આદિજાતિ વિકાસરાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા આદિવાસીઓના હિતને પ્રાધાન્ય આપ્યું છે. આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે તેમણે અને કવિધ યોજનાઓ અમલી બનાવી છે. જેનો લાભ લાખો આદિવાસી બંધુઓ લઈ રહ્યા છે. સરકાર દ્વારા આદિવાસી દીકરા-દીકરીઓને વિદેશ અભ્યાસ માટે ૧૫ લાખની લોન સહાય, ડોક્ટર બન વા માટે નાણાકીય સહાય, પાયલોટ બનવામાટે ૨૫ લાખની લોન સહાય ૪ ટકાના નજીવા વ્યાજદરે આપવામાં આવે છે. વધુમાં તેમણે જણાવ્યું કે,વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર અને રાજય સરકાર પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોચાડવા સરકાર કટિબધ્ધ છે. વિકસિત ભારત યાત્રા યોજનાકીય લાભોથી વંચિત રહેલા નાગરિકોને લાભાન્વિત કરવાનું માધ્યમ બની છે. આયુષ્માન કાર્ડ થકી ૧૦ લાખ સુધીની કેશલેસઆરોગ્ય સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવી છે.સુરત જિલ્લામાંસિકલસેલ એનીમિયાના દર્દીઓને સારવાર માટે રૂ.૪૦ હજારની સહાય આપવામાંઆવતી હોવાનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ છેવાડાના ગરીબ, મધ્યમવર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલહોવાનો મત વ્યક્ત કરીસરકારની યોજનાઓનો બહોળો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રોહિતભાઈ પટેલે જણાવ્યુંકે, વિકસિતભારતસંકલ્પ યાત્રાના માધ્યમથી ગ્રીરીબ મધ્યમવર્ગી વિસ્તારના લોકોને યોજનાકીય લાભોઘરઆંગણે મળે એવો પણ આગવો હેતુ છે. ગામડાઓ-ગીરીબ મધ્યમ વર્ગી છેવાડાના વિસ્તારોના સર્વાંગી વિકાસની નેમ સાથે ૨૨ જેટલી આદિજાતિ યોજનાઓના લાભો આપવાની ઝુંબેશ છેડવામાં આવી છે. વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટે સજ્જ બની યોગદાન આપવાનુંતમણે આહ્વાન કર્યું હતું. આ વેળાએ મંત્રીશ્રીના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયુ હતું. તેમજ લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે માંડવી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી દિલીપભાઈ ચૌધરી,જિલ્લા પંચાયત સુરતના સભ્યશ્રી અનિલ ભાઈ ચૌધરી,માંડવી પ્રાંત અધિકારીશ્રી કૌશિકભાઈ જાદવ,માંડવી તાલુકા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્રસિંહ સોલંકી,માંડવી મામલતદાર મનીષભાઈ પટેલ,અગ્રણીશ્રી મીનાક્ષીબેન ચૌધરી,મીનાક્ષીબેન ગામીત,પીપરીયાગામ સરપંચશ્રી ભાવિકાબેન રાઠોડ, ખંજરોલી ગામના સરપંચશ્રી ગીતાબેન, ગોદાવાડી ગામના સરપંચશ્રી રવાતીબેન પટેલ, તલાટી-કમ-મંત્રીશ્રી, આરોગ્ય સ્ટાફ, આંગણવાડીવર્કર, તેડાગર, સખી મંડળની બેહનો અને અન્ય વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાંગ્રામજનો ઉપસ્થિત રહ્યાહતા.

માણસા તાલુકાના ગોવિંદપુરા(સ), હનુમાનપુરા(સ), આનંદપુરા(સો) ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ દ્વારા કાર્યક્રમ યોજાયો

માણસા તાલુકાના હનુમાનપુરા (સ) ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત નવીન ટ્રેકટર અને ટ્રોલીનું લોકાર્પણ કરવાનું સૌભાગ્ય સાંપડ્યું.

વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌએ શપથ લીધા હતા

વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ-પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા

કમલમ્ ન્યુઝ,

માણસા તાલુકાના ગોવિંદપુરા(સ),હનુમાનપુરા (સ), આનંદપુરા (સો) ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ ની ઉપસ્થિતિમાં વિકસિતભારત સંકલ્પ યાત્રા આવી પહોચતા ગામલોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. વિકસિત ભારતના નિર્માણની સૌએ સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલે જણાવ્યુંકે, વિકસિત ભારતસંકલ્પ યાત્રાનું મૂળ હેતુ સરકારશ્રીની ૧૭ જે ટલી યોજનાઓનો વ્યાપ વધારવા અને છેવાડાના વિસ્તારના લોકોની સુખાકારીમાં વધારો કરી દૃઢતાં વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બન ાવવાનો છે. સરકારશ્રીની યોજનાનો લાભ જન જન સુધી પહોંચે તેની જાણકારી આપવા માટે આ યાત્રા ગામે ગામ ફરી રહી છે. છેવાડાના માનવીની ચિંતા કરીસરકારશ્રીએ અનેકવિધ યોજનાઓ અમલી બના વી છે. દેશના સૌ નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયાસો થકી સરકાર લોકોના આંગણે આવી યોજનાઓની જાણકારી આપી લાભાન્વિત કરી રહી છે. વધુમાં ધારાસભ્યશ્રીએ ઉમેર્યું કે, ગામડામાં રહેતા લોકો શિક્ષણ અને આરોગ્યની સુવિધાથી સંપન્ન થાય, ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરીપોતાનીઆવક બમણીકરીશકે અને સમાજનું ઉત્થાન થાય તેજ દેશનો વિકાસ કરી શકાય તે દિશામાં સરકારકામ કરીરહી છે. ખેડૂતો માટે અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી ખૂબ ઓછા સમયમાં નેનો યુરિયા નો છંટકાવ કરવા માટે સરકાર મદદરૂપ થઈ રહી છે. તેમાં પણ મહિલા સશક્તિકરણના વિચારને કેન્દ્રમાં રાખીને સખી મંડળની બહેનો ડ્રોન ઉડાવી શકે તે માટે તાલીમ આપવામાં આવી રહી છે. ત્યારેઆપણે પણ આંગળી ચિંધ્યાનું પુણ્ય કરી આપણા પાડોશીને પણ સરકારશ્રીની યોજનાઓની જાણકારી આપી લાભ લેવા પ્રેરિત કરી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાંનાગરિક તરીકેની ભૂમિકાભજવી દેશને ઉજ્જતશિખર પરે લઈ જવામાં સહયોગી બનવા સૌને અપીલ કરી હતી. અત્ર ઉલ્લેખનીય છે કે "મેરી કહાની, મેરી જુબાની" અંતર્ગત વિવિધ યોજનાના વ્યક્તિગત લાભાર્થીઓએ યોજનાકીય લાભોથી તેમના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની કહાની ગ્રામજનો સમક્ષપ્રસ્તુત કરી બાકી રહીગયેલા લોકોનેયોજનાનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે વિવિધ યોજના ના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાયુંહતું. આ કાર્યક્રમમાં સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા સ્ટોલ ઉભા કરાયા હતા. આંગણવાડીવર્કર બહેનોએ મિલેટમાંથી તૈયાર કરવી વાનગીઓ તેમજ મિલેટ ધાન્યનુ સ્ટોલનિદર્શન કરવામાંઆવ્યું હતુ. આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા આરોગ્ય કેમ્પનોગ્રામજનોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

વિકસિત ભારતસંકલ્પ યાત્રા (VBSY) દ્વારા, ભારતસરકાર (GoI) દરેક પાત્ર વ્યક્તિ સુધી કલ્યાણકારી યોજનાઓ તેમના ઘરે પહોંચાડવામાં વ્યસ્ત છે. યાત્રામાંસામેલ ઈન્ફોર્મેશન, એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન (IEC) વાન શહેરથી શહેર, ગામડે ગામડે જાગૃતિ અભિયાન ચલાવી રહી છે. IEC વાન અત્યાર સુધીમાં એક લાખથી વધુ ગ્રામ પંચાયતો સુધી પહોંચી છે. વધુમાં, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ (02:30 PM) સુધીમા VBSYમાંલગભગ ૪.૫ કરોડ લોકોએ ભાગલીધો છેઅને ૩કરોડથી વધુલોકોએ વિકસિતભારત બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે. ૧૫મી નવેમ્બર ૨૦૨૩ના રોજ ઝારખંડના ખુંટીથી શરૂ થયેલી વિક્ષિત ભારત સંકલ્પ યાત્રા ખાસ કરીને ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થઈરહી છે. આ યાત્રાદ્વારા કેન્દ્ર સરકાર ખેડૂતોને ટેકનિકલ અને આર્થિક રીતે સક્ષમ બનાવવા પર વિશેષ ભાર મૂકી રહી છે. આ જનજાગૃતિ અભિયાનની મદદથી, સરકાર ખેડૂતો માટે બિયારણથી બજાર સુધીની સફરને સરળ બનાવવામાંમહત્વની ભૂમિકા ભજવી રહી છે. ઉત્તર પ્રદેશના આઝમગઢના ખેડૂત જનક યાદવ અને બિહારના સહરસા જિલ્લાનીભેલાહી પંચાયતના રહેવાસી નસીરુદીનએ જણાવ્યું કે તેઓને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN)નો લાભમળીરહ્યોછે. બંનેખેડૂતોએ "PM-KISAN" યોજનાને ખેડૂતોમાટે ખૂબ જ ફાયદાકારક અને સારીયોજના ગણાવી. કેન્દ્ર સરકાર વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા ખેડૂતોને ટેકનોલોજી સાથે જોડવા અથાગ પ્રયાસો કેન્દ્ર સરકાર વિકસીત ભારત સંકલ્પ યાત્રા દ્વારા ખેડૂતોને ટેકનોલોજી સાથે જોડવાના અથાક પ્રયાસો કરી રહી છે. યાત્રા દરમિયાન, ખેતરોમાં ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરવા માટે ડ્રોનનો ઉપયોગ બતાવવા અને ડ્રોનનો ઉપયોગ કરીને પાકની તપાસ કેવી રીતે કરવી તે બતાવવા માટે સમગ્ર અભિયાન દરમિયાન જીવંત પ્રદર્શન યોજવામાંઆવે છે. આસામના બકસા જિલ્લામાં પણ આવું જ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જેમાં ખેડૂતોને ડ્રોન વડે પાકનું નિરીક્ષણ કરવાનું શીખવવામાંઆવ્યું હતું. નિદર્શન જોયા પછી, એક ખેડૂત રોનિત સિંહ બ્રહ્મએ પોતાનો સંતોષ વ્યક્ત કરતા કહ્યું, 'આજે, અમે અમારા સરસવના પાકનું પરીક્ષણ કરતા ડ્રોન જોયા, અને અમે તેમની કાર્યક્ષમતાથી પ્રભાવિત થયા. તેનાથી અમને અહેસાસ થયો કે આ ટેકનોલોજી અપનાવવાથી સમય બચી શકે છે અને શ્રમ ખર્ચમાં ઘટાડો થઈશકે છે.

અંત્યોદય કલ્યાણના સંકલ્પ સાથે વિકસિત ભારતના નિર્માણની યાત્રા

કરજણ તાલુકાના અટાલીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિભિન્ન જનહિતકારીયોજનાઓને દરેક લોકો સુધીપહોંચાડી વંચિતોને વરિયતા પ્રદાન કરવાના ઉત્કૃષ્ઠ અભિગમ સાથે આયોજિત 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત અટાલી મુકામે યોજાયેલ કાર્યક્રમમાં સહભાગી થઈ લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભ આપી લાભાન્વિત કરવામાં આવ્યા હતા. કરજણ તાલુકાના અટાલી ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોચતા ગ્રામજનો દ્વારા ઉત્સાહભેર યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સરકારી યોજનાઓના લાભ આપવા સાથે તાલુકાની બેસ્ટ આંગણવાડી વર્કર અને તેરાગર બહેનોને શિલ્ડ અને રોકડ ? ૨૧ હજારનો ચેક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ,તાલુકા વિકાસ અધિકારી,જિલ્લા લેબર અધિકારી,જનપ્રતિનિધિઓ, હોદ્દેદારશ્રીઓ,સરપંચ સહિત આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિતરહ્યા હતા.

મોરબી તાલુકાના ગોરખેજડીયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સામૈયાં અને કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું

સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવોના વરદહસ્તે લાભોનું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,મોરબી

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથ ગામે ગામ ભ્રમણ કરી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરી રહ્યાછે, જે અન્વયે મોરબીના ગોરખીજડીયા ગામે રથનું આગમન થયું હતુ. સરકારી યોજનાઓ ઘર આંગણે પહોંચતા ગ્રામજનોએ રથને સામૈયાં અને કુમકુમ તિલક કરીઆવકાર્યો હતો. આ પ્રસંગે ટંકારા ધારાસભ્ય શ્રી દુર્લભજીભાઈ દેથરિયા એ સરકારની વિવિધ ૧૭ યોજનાઓ વિશે માહિતિ આપી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ. કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'મેરીકહાની, મેરી જુબાની' અંતર્ગત આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસયોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશે પ્રતિભાવ રજૂ કર્યાહતા. આસાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટ સહિત વિવિધ યોજનાઓની સહાય વિતરણ કરવામાં આવી હતી. ઉપરાંત ગોરખીજડીયા ગ્રામ પંચાયતમાં સો ટકાનલ સેજલ યોજનાહેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકોએ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેમજ રાસાયણિક ખાતરનોઉપયોગ ઘટાડે તેવા સંદેશાઓ આપતું 'ધરતી કહે પુકારકેપ.' નાટકરજૂ કર્યુંહતું, જે કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતીપ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિતભારત માટેનાશપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયા હતાં. કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારાઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભાકરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાંટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા, જિલ્લા પંચાયત સભ્યશ્રી જયંતિભાઈ પડસુંબિયા, અગ્રણી સર્વશ્રીઓ અરવિંદભાઈ વાંસદડીયા, સાગરભાઈ સદાતિયા, બચુભાઈ અમૃતિયા, ધનજીભાઈ દંતોલિયા, તથા આરોગ્ય વિભાગ, આઈસીડીએસ, બેંક સહિત વિભાગના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ અને ગોરખીજડીયાના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી સહિત ગ્રામજનો જોડાયા હતા.

મહેસાણા ખાતે આવેલ જોટાણા તાલુકાના વિસ્તારમાં મુસાફરોને મળી સુગમ યાત્રા, સુવિધાયુકત યાત્રા

કમલમ્ન્યુઝ,ચેતન પટેલ

મહેસાણા ખાતે આવેલ જોટાણા તાલુકાના વિસ્તારમાં મુસાફરોને મળી સુગમ યાત્રા, સુવિધાયુક્ત યાત્રા આકાયેકમ મા મોટીસંખ્યામાં લોકોઉપસ્થિત રહ્યા હતાજોટાણા વિસ્તારમાંઆ નવીન બસ સ્ટેન્ડ નાનિર્માણ થકી વિકાસ ની ગતિ માં વધારો આવશે આજુબાજુના જોટાણા વિસ્તારમાં વિકાસ થાય અને આ વિસ્તારમાં લોકો ને મુસાફરી માં મુસાફરો ને આવવા જવામાટે કોઈતકલીફ ના પડે તે હેતુથીઆ નવીન બસ સ્ટેન્ડનું નિર્માણ કરવામાં આવ્યું જોટાણા તાલુકાના વિસ્તારમાં જોટાણા તાલુકા ખાતે ૫૦૦૦ ચો. મી. વિસ્તારમાં રૂ.૬૦૩.૭૯ લાખના ખર્ચે નિર્માણ પામેલ આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર વાળા એસ.ટી.બસ સ્ટેશનનું ગુજરાતસરકારનામાન. ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ના વરદ હસ્તેલોકાર્પણ કરવામાંઆવ્યું, આ વિસ્તારમાં રહેતામુસાફરોની યાત્રા ઉત્તમોત્તમ, સુવિધાયુક્ત અને સુગમ બને તે માટે નવીન બસ સ્ટેશનનું નિર્માણ કરવાની રાજ્ય સરકારની નેમ છે ત્યારે ગુજરાતના એસ.ટી. સ્ટેશનો દેશમાટે આદર્શ બનશે.

ભરૂચ જિલ્લા ભાજપ સંગઠનની બેઠકમાં, ઝઘડિયા તાલુકાના ૩૦ કોંગ્રેસીઓએ કેસરિયા કર્યા

કમલમ્ ન્યુઝ,

ભરૂચ જિલ્લા ભાજપ સંગઠનની આગામી વિવિધ સરકારી કાર્યકમોની ઉજવણી અંગે અગત્યની બેઠક કાર્યાલય ખાતે મળી હતી. બેઠકમાંઝઘડિયા તાલુકાના વરિષ્ઠ કોંગ્રેસીઆગેવાનો સહિત ૩૦ કાર્યકરો ભાજપમાંજોડાતા તેમને આવકારાયા હતા. ભરૂચ કસકસ્થિત ભારતીય જનતા પાર્ટીના જિલ્લા કાર્યાલય ખાતે પ્રમુખ મારુતિસિંહ અટોદરિયાના અધ્યક્ષ સ્થાને શુક્રવારે સંગઠનની બેઠક મળી હતી. આગામી સરકારી કાર્યકમોના આયોજનો અને ઉજવણી અંગે મળેલી બેઠકમાં જિલ્લા મહામંત્રી નિરલ પટેલ, ફતેસંગ ગોહિલ, વિનોદ પટેલ, ભરૂચ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જંબુસર ધારાસભ્ય ડી.કે.સ્વામીની ઉપસ્થિતિમાં ઝઘડિયા તાલુકાના કોંગ્રેસના ૩૦આગેવાનો અને કાર્યકરો ભાજપમાંજોડાયા હતા. કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો રાજેન્દ્રસિંહ ભારત, જયેન્દ્ર વસાવા અને વિરેન્દ્રસિંહ વાંસડીયા તેમની ટીમ સાથે જોડાતા ભાજપનો ખેસ પહેરાવી આવકાર અપાયોહતો. બેઠકમાંપ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય યોજના, મન કી બાત, શ્રદ્ધેય ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી બાજપાઈના જન્મદિને સુશાસન દિનની ઉજવણી, વીર બાલદિન, નમો એપ, વિકસિત ભારત સંકલ્પ યાત્રા સહિતના સરકારી કાર્યકમોના આયોજન અને ઉજવણી અંગે ચર્ચાકરવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ અને સંગઠનના અન્ય હોદ્દેદારોની હાજરીમાં ઉજવણીની રૂપરેખા ઘડી કાઢવામાં આવી હતી.

મહર્ષિ દયાનંદ સ્મારક: ગુરુકુલ સુપામાં શતાબ્દી મહોત્સવની ઉજવણીમાં ૧૦૧ કુંડી મહાયજ્ઞ સાથે ઋષિ કૃષિ સંમેલન યોજાશે

માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજી મહામહિમ રાજ્યપાલ શ્રી ગુજરાત રાજ્યની પ્રેરક ઉપસ્થિતિ રહેશે

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

નવસારી જિલ્લાની પ્રાચીનતમ અને સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા ગુરુકુલ સૂપા સ્થાપનાને આવર્ષે એક સો વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ નિમિત્તે ગુરુકુલ સંસ્થા શતાબ્દી મહોત્સવ ઉજવવા જઈ રહી છે અને તે નિમિત્તે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ પરંપરામાં શતાબ્દી મહોત્સવના ભાગ રૂપે આગામી તારીખ ૩ જાન્યુઆરી, ૨૦૨૪ ને બુધવારે ઋષિ - કૃષિ સંમેલન યોજવાજઈ રહ્યુંછે. સાથે સાથે ૧૦૧ મહા કુંડી યજ્ઞ અને વાલી સંમેલન યોજાશે મહા કુંડી યજ્ઞ માટે સહભાગી થવા જાહેર જનતાને હાર્દિક આમંત્રણ છે આ પ્રસંગે ગુજરાતરાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવપતજી વિશેષ રૂપે ઉપસ્થિત રહેવાના છે. સ્વામી શ્રદ્ધાનંદજીએ સ્થાપેલા ગુરુકુલ કુરુક્ષેત્ર હરિયાણામાં વર્ષો સુધી આચાર્ય તરીકે તેઓએ સેવાઓ આપી છે. વર્તમાનમાં તેઓશ્રી ઓછા ખર્ચથી થનારી પ્રાકૃતિક ખેતી તેમજ ગૌ વંશના સંવર્ધનની પરંપરાને પુનર્જીવિત કરવા માટે એક જબરજસ્ત આંદોલન સમગ્ર ભારતભરમાં ચલાવીરહ્યા છેતેના અનુસંધાનમાં ગુરુકુલ સુપાનાશતાબ્દી મહોત્સવ નિમિત્તે ઋષિકૃષિ સંમેલન યોજવા જઈ રહ્યુંછે ત્યારે આ ઐતિહાસિક અને ભવ્ય કાર્યક્રમમાં નવસારી જિલ્લા અને સમગ્ર રાજ્યના ખેડૂતોને, ગ્રામજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ હાર્દિક નિમંત્રણ છે. શતાબ્દી મહોત્સવમાં અતિથિ વિશેષ શ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા, શ્રી લવજીભાઈ ડુંગરભાઈડાલીયા, શ્રી લાલજીભાઈ તુલસીભાઈ પટેલ, શ્રી ભાવેશભાઈનગીનભાઈ પટેલ, શ્રી પ્રેમચંદ લાલવાણી , શ્રી પરેશભાઈ દેસાઈ પ્રમુખ શ્રી જિલ્લા પંચાયત નવસારી, શ્રી આર સી પટેલ ધારાસભ્યશ્રીજલાલપુર ,શ્રી રાકેશભાઈ દેસાઈ ધારાસભ્યશ્રી નવસારી, શ્રીપ્રતિભાબેન આહીર પ્રમુખશ્રી તાલુકાપંચાયત નવસારી અને ગામના પ્રથમ નાગરિક એવા શ્રી રાકેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહાત્મા ગાંધીજી , રવિશંકર મહારાજ, મોરારજી દેસાઈ, કનૈયાલાલ મુનશી, સરદાર વલ્લભભાઈપટેલઅને આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવો ગુરુકુળમાં પધાર્યા છે. શતાબ્દી મહોત્સવમાં ગુજરાત ગુરુકુલ સભાના પદાધિકારીઓઉપસ્થિત રહેશે.

ડાંગ જિલ્લાની ગરિમા વધારતો પ્રતિષ્ઠિત SKOCH એવોર્ડ

કલેક્ટર શ્રી મહેશ પટેલે સૌને સહિયારા પ્રયાસો માટે પાઠવ્યા અભિનંદન



કમલમ્ન્યુઝ,અમરનાથ જગતાપ

દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટાનાખેડૂતોના ઉત્થાન માટે હિલ મિલેટ રિસર્ચ વર્ક, NAU, વઘઈ અને કૃષિ વિભાગ, ડાંગને ગત દિવસો દરમિયાન પ્રતિષ્ઠિત SKOCH એવોર્ડ પ્રાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના ખેડૂતોના ઉત્થાન માટે હિલ મિલેટ રિસર્ચ વર્ક, NAU, વઘઈ અને કૃષિ વિભાગ, ડાંગનું નોમિનેશન પ્રતિષ્ઠિત SKOCH એવોર્ડમાટે થવા પામ્યું હતું. આ એવોર્ડ માટેની પ્રક્રિયામાંથી પસાર થઈ, ડાંગ જિલ્લાને સિલ્વર એવોર્ડ મેળવવામાં સફળતા મળીછે. દિલ્હીથી મળેલો આ એવોર્ડ જિલ્લાખેતીવાડી કચેરી દ્વારા મેળવવામાં આવ્યો હતો, જે જિલ્લા વહીવટી તંત્રના વડા એવા કલેક્ટર શ્રી મહેશ પટેલને સુપ્રત કરાયો હતો. ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હર્ષદ પટેલ અને તેમની ટિમ સહિત સૌને સહિયારા પ્રયાસો માટે અભિનંદન પાઠવ્યા હતા. ડાંગ જિલ્લાની ગરીમા વધારતા ખેતીક્ષેત્રના આ એવોર્ડની આ 'રાષ્ટ્રીય ખેડૂત દિવસે' સુખદ નોંધલેવી રહી.

નેત્રંગ તાલુકામાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" દરમિયાન કેટલાંય કુપોષિત બાળકો ની પડખે ધારાસભ્ય આવ્યા.

દરેક બાળકોને પોતાના ધારાસભ્ય તરીકેના પગાર માંથી આપી રહ્યા છે સહાય

કમલમ્ ન્યુઝ,

નેત્રંગ તાલુકામાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" દરમિયાન નેત્રંગ તાલુકામાં એક ઝુંબેશ ચલાવીકોઈ કારણસર બાળકો કુપોષિતરહી ગયાં હોય તેવાં તમામ બાળકોને "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" દરમિયાન ઝઘડિયા વિધાનસભા ના ધારાસભ્ય રીતેશભાઈ વસાવાને દ્વારા પોતાના ચુંટણીસમયે આપેલ વચન પોતાનાધારાસભ્ય તરીકેનોજે પગાર હશે તે જરૂરિયાત મંદલોકોનીજરૂરિયાતમાંજ વાપરીશ આજ વચન ની ભાવના થકી આવાં તમામ બાળકોને ધારાસભ્ય રીતેશભાઈ વસાવા ૫૦૦૦/ ચેક પેટ આપી માનવતા મહેકાવી નેત્રંગ તાલુકામાં આવાં કુપોષિત રહી ગયેલા બાળકો નાંમાતાપિતા એ ધારાસભ્ય નો આભાર વ્યક્ત કર્યો તથા સરકાર દ્વારાચલાવવામાં આવીરહેલી યોજનાનો લાભ લેવાની માહિતી ધારાસભ્ય દ્વારા આપવામાં આવી રહીં છે

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વારાહી દ્વારા વ્યક્તિઓનો અકસ્માત વીમા પોલિસીની માન.ધારાસભ્યશ્રી લવિંગજી સોલંકી સાહેબના વરદ હસ્તે શુભારંભ

કમલમ્ ન્યુઝ,

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વારાહી દ્વારા આજ રોજ સાંતલપુર તાલુકાના ખેડૂત ભાઈઓ,વેપારી બંધુઓ, હમાલ, તોલાટમિત્રો અને બજાર સમિતિ સાથે સંકળાયેલા તમામ મિત્રો કુલ મળી ૧,૦૦,૦૦૦/- વ્યક્તિઓનો અકસ્માત વીમા પોલિસીની આજથી આપણાં માન. ધારાસભ્યશ્રી લવિંગજી સોલંકી સાહેબના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે ચેરમેનશ્રી ભેમાભાઈ એમ. ચૌધરી,વા. ચેરમેનશ્રી અરજણભાઈ ડી.આયરઅને બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રીઓ હાજર રહેલ.માર્કેટ યાર્ડની સ્થાપના પછી સૌ પ્રથમ વખત અકસ્માત વીમા પોલિસી ની શરુઆત કરવામાં આવીછે.માન.શ્રીપ્રધાનમંત્રીશ્રીના સહકાર થીસમૃદ્ધિ થકી વિસ્તારના ખેડૂત મિત્રો તેમજ યાર્ડનાં વેપારી ભાઈઓની ભવિષ્યની ચિંતા કરી અકસ્માત મૃત્યુ થાય તો રૂ.૧,૦૦,૦૦૦/-અંકે રૂપિયાએક લાખ પુરા. તેમજ અકસ્માતમાં કાયમી અપંગતાનાં કિસ્સામાં રૂ.૫૦,૦૦૦/- પુરા. ની સહાય આપવામાંઆવશે. માર્કેટ યાર્ડદ્વારા વિસ્તારના ખેડૂત મિત્રોને માર્કેટ યાર્ડમાં તમામ પ્રકારની પાયાની સગવડ મળીરહે. તેદિશામાં સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વેપારી ભાઈઓના સહયોગ થકી માર્કેટ યાર્ડને પ્લાસ્ટીક મુક્ત બનાવવાની દિશામાં સફળતા મળેલ.

સ્વામી સચ્ચિદાનંદ વિદ્યા સંકુલ ધી વેસ્ટર્ન ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, પેટલાદના ૧૭ માં વાર્ષિકોત્સવની ઉજવણી

વાલીઓ પોતાના બાળકોના મિત્ર બને તે જરૂરી: ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્ન્યુઝ,બીના પટેલ

પેટલાદ સ્થિત સ્વામી સચ્ચિદાનંદ વિદ્યાસંકુલની વેસ્ટર્ન ઈંગ્લીશ મીડિયમસ્કુલ, પેટલાદના ૧૭ માં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પદ્મ ભૂષણ સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ અને ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં સંકુલના વિકાસમાંફાળો આપનાર દાતાશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક નાટીકાઓ અને મનમોહક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ શાળાના બાળકોને જણાવ્યું હતું કે મિત્રતામાં મિત્રનો સાથ આપવો એ ખૂબ જ જરૂરી છે, પરંતુજે મિત્રને કુટેવ અને કુમાર્ગ પરજતા અટકાવે છે તેજ સાચો મિત્ર હોય છે. તેમણે આજના બાળકો આપણા દેશનું એવું યુવાધન છે જે દેશના વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે તેમ જણાવી ઉપસ્થિત વાલીઓને અનુરોધ કરતાં કહયું હતુ કે, આજના વાલીઓ માટે ખૂબ જ જરૂરીછે કે તેઓપોતાના બાળકની સાથે મિત્રતા કેળવે અને બાળકની મનોસ્થિતિ સાથે તાલમેલ કેળવીને તેનો સાથઆપેજેથી બાળક ભૂલથી પણ કોઈ કુટેવમાં નાસપડાઈ જોય. વાલીઓ પોતાના બાળકોના મિત્ર બનશે તો બાળક કોઈ ડર રાખ્યા વિના પોતાના મનની વાત કરી શકશે જેથી બાળકની કુટેવના માર્ગે જવાની શક્યતાઓ નહિવત થઈ જશે. મંત્રીશ્રીએ જિલ્લામાં ડ્રગ્સના દુષણને નાથવા આણંદ પોલીસ દ્વારા કરવામાંઆવેલી કામગીરીની પ્રશંસા કરી હતી. તેમજ અન્ય તમામ ગુનાઓ સામે જે રીતે જિલ્લા પોલીસ દ્વારા મહિલાઓ અને નાગરિકોની પડખે ઊભા રહીને જિલ્લામાં કાયદા અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરવામાં આવ્યું છે તે માટે જિલ્લા પોલીસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સ્વામી શ્રી સચ્ચિદાનંદજીએ સંતુલિત દાંપત્યજીવનનો આધાર સ્ત્રી અને પુરુષ બંનેની પરસ્પર સમજણ અને સહકાર પર નિર્ભર કરે છે પરંતુ સફળ દાંપત્ય જીવનમાં સ્ત્રીઓનું યોગદાન ખૂબજ મહત્વનુંહોય છે તેમ જણાવ્યું હતું. સ્વામીશ્રીએ શાળાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલી સાંસ્કૃતિક નાટિકાઓ અને મનોરંજક કૃતિઓની પ્રશંસા કરી શાળાના બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યુંહતું અને દાતાઓને શાળામાં યોગદાન આપવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રવીણકુમાર, પ્રાંત અધિકારીશ્રી પી.આર.જાની, દાતાઓશ્રી, ટ્રસ્ટીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં શાળાના બાળકો તથા તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૦૧ નવી પંચાયત કચેરીઓ જીલ્લામાં મંજુર થયેલ છે : જીલ્લા વિકાસ અધિકારીશ્રી

ઘેલવાંટ જૂથ ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરતા ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવા

કમલમ્ ન્યુઝ,છોટાઉદેપુર, છોટાઉદેપુર તાલુકાની ઘેલવાંટ જૂથ ગ્રામ સચિવાલયનું ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાઠવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૨-૨૩ના મનરેગા હેઠળ કુલ ૧૬ લાખ ૨૮ હજારની મંજુર થયેલી ગ્રાન્ટમાંથી આ મકાનનું બાંધકામ કરવામાં આવ્યું હતું. ઘેલવાંટ જૂથ ગ્રામ સચિવાલયને અત્યંત આધુનિક સાધન સમગ્રીથી સજ્જ કરવામાં આવી છે. આ નિમિત્તે છોટાઉદેપુરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસીહ રાઠવાએ જણાવ્યું હતું કે છોટાઉદેપુર જિલ્લામા ફાયર સ્ટેશન, મેડીકલ કોલેજ, ૩૫૦ બેડની સરકારી હોસ્પિટલ, આંબેડકર ભવન, બિરસામુંડા ભવનબનવાનાછે.તમામ સરકારી કચેરીઓ માળખાકીય સુવિધાઓથી સજ્જ હોય જેથી સ્થાનિકોને સરળતાથી યોજનાકીય લાભ મળતા જીવન ધોરણ બદલાશે. આ પ્રસંગે જિલ્લાવિકાસ અધિકારીશ્રી ગંગાસિંહે જણાવ્યું હતું કે છોટાઉદેપુર જિલ્લાની કુલ ૧૦૧ ગ્રામ પંચાયતોના નવા મકાન બનાવવાની મંજૂરી મળેલ છે.જેમાંથી ૨૫ જેટલી ગ્રામ પંચાયતનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે,ગ્રામ પંચાયત ભવનની સાથે તેની નજીકના વિસ્તારમાં ૩૪૫ નવી આંગણવાડી બનાવવા માટે પણ મંજૂરી મળેલ છે, આ જિલ્લામાં સુગમ પ્રોજેક્ટ શરૂ થઈ રહ્યો છે જેના અંતર્ગત ગ્રામ સભા પાસે તેમના ગામના અંતરિયાળ રસ્તાઓ બનાવવાની યોજનાછે જે અંતર્ગત જિલ્લા પંચાયતને ૧૦૭ દરખાસ્તો મળી છે, જેનો સર્વે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સમગ્રપંચાયતનાદરેક સભ્યોઅને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ લોકાર્પણ કાર્યક્રમમાં ટી.ડી.ઓશ્રી દીપક ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ કલ્પનાબેન રાઠવા,

પ્રો.શંકર રાઠવા, આદિજાતિ વિકાસ પરિષદના ડીરેક્ટર, એપીએમસી ચેરમેન મુકેશભાઈ પટેલ, સરપંચશ્રી રિકુબેન રાઠવા, તલાટીમંત્રી પુર્વેગભાઈ, જિલ્લા કારોબારી અધ્યક્ષારૂપસિંહ રાઠવા અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલ જિલ્લા કલેક્ટરશ્રીએ હેરિટેજ વોકને પીળીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું

વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા હેરિટેજ વોકમાં કલેકટરશ્રી સહિત અધિકારીઓ પણ જોડાયા

૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૧૦ અલગ અલગ વર્લ્ડહેરિટેજસ્મારકોનો પગપાળા પ્રવાસ કર્યો

ગુજરાતની જનતાને ગુજરાતના અણમોલ સાંસ્કૃતિક વારસાના જતનનો આપ્યો સંદેશ

કમલમ્ ન્યુઝ,ગોધરા પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષકુમારના હસ્તે વર્લ્ડ હેરિટેજ સાઈટ,"એક મિનાર કી મસ્જિદ થી" હેરિટેજ વોકને પીળીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.આજે પ્રથમદિવસે પંચમહાલ જિલ્લાના ૨૦૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓ હેરિટેજ વોકમાંજોડાયા હતા.આ હેરિટેજ વોકમાં કુલ ૧૦ અલગઅલગ વર્લ્ડહેરિટેજ સ્મારકો ખાતે વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.વિદ્યાર્થીઓ સાથે જિલ્લા કલેકટરશ્રી સહિત વિવિધ અધિકારીશ્રીઓ પણ જોડાયા હતા તથા ઉપસ્થિતોને આ સ્મારકો અને તેના મહત્વ વિશે જાણકારી આપવામાંઆવી હતી.એક મિનાર મસ્જિદથી લઈને વડા તળાવ-ટેન્ટ સિટી સુધી કુલ ૧૦ સ્થળો ખાતે અંદાજે ૬ કિલોમીટરની રેન્જમાં હેલિકેલ વાવ,સકર ખાનની દરગાહ,સિટી ગેટ,શહેર કી મસ્જિદ,ચાંપાનેર વર્લ્ડ હેરિટેજ સાઈટ,જામી મસ્જિદ, ચાંપાનેર, કમાની મસ્જિદ, કબૂતર ખાના પેવેલિયન સહિતના ઐતિહાસિક સ્થળો ખાતે હેરિટેજ વોકનો રૂટ નક્કી કરવામાંઆવ્યો છે.ગાઈડની મદદથી પ્રવાસીઓને તમામ સ્મારકો અંગે અને સાંસ્કૃતિક વારસા અંગે માહિતી આપવામાં આવી હતી.દરરોજ લોકો આ હેરિટેજ વોકમાં જોડાવાનાછે અને ગુજરાતનીપ્રવાસનઅને અણમોલ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાનાછે.

હેરિટેજ વોક પહેલાજિલ્લા કલેકટરશ્રીએ ઉપસ્થિતોને ઐતિહાસિક સ્મારકો અને તેના મહત્વ વિશે જાણકારી આપી હતી.તેમણે ચાંપાનેરના ઈતિહાસ વિશે વાતકરી હતીતથાગુજરાતની પ્રથમએવી વર્લ્ડહેરિટેજનો દરજ્જો ધરાવતી સાઈટ ચાંપાનેર ખાતે ૧૧૪ જેટલા અલગ અલગ સ્મારકોના ઈતિહાસને ઉજાગર કરવાના સરકારશ્રીનાપ્રયત્નો થકી પંચમહોત્સવ અંગેજાણકારીઆપી હતી. આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલીભરપૂર શક્યતાઓને જોતા, યોગ્ય પ્રચાર-પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખપ્રવાસીઓને આપી શકાય તે હેતુસર વર્ષ ૨૦૧૫થી પ્રતિવર્ષ પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રદ્વારાપંચમહોત્સવનું આયોજન કરવામાં આવેછે.ચાલુ વર્ષે ૨૫ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ઐતિહાસિક પ્રવાસન મથક અને "વર્લ્ડ હેરિટેજ સાઈટ"પાવાગઢ - ચાંપાનેર સ્થિત હાલોલના વડા તળાવ ખાતે પંચમહોત્સવના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ હેરિટેજ વોકમાં હાલોલ પ્રાંત અધિકારીશ્રીપ્રણવ વિઠ્ઠાણી,નાયબ માહિતી નિયામકસુશ્રીપારૂલ મણિયાર,જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એમ.જી.પટેલ,હાલોલ મામલતદારશ્રી બી.એમ.જોશી સહિત વિવિધ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ગણદેવી ખાતે પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ બજારનો શુભારંભ

કમલમ્ ન્યુઝ,

ગણદેવી તાલુકાના ગ્રામજનોને પ્રાકૃતિક ખેતીપધ્ધતિથી ઉત્પાદિત આરોગ્યપ્રદ ફળો, શાકભાજી અને વિવિધ ખેત પેદાશો ખાવા મળે અને પ્રાકૃતિક ખેતી કરતાંખેડૂતોને બજાર મળી રહે તેહેતુસર આજે ગણદેવી ચાર રસ્તા, તાલુકા પંચાયત કચેરી, ગણદેવી પાસે ખેતીવાડી, બાગાયત અને આત્મા વિભાગના સહયોગથી પ્રાકૃતિક ખેત પેદાશો માટે વેચાણ બજારનો શુભારંભ કરવામાં આવ્યોહતો. આ પ્રસંગેતાલુકાનાં પ્રાકૃતિક ખેતી કરતાં કુલ ૧૪ ખેડૂતો પોતાની ખેત પેદાશો સાથે હાજર રહ્યા હતા. પ્રથમ દિવસે૯૫ કિલોગ્રામશાકભાજી અને ફળો, ૨૦કિલોગ્રામ પ્રાકૃતિક ગોળ અને પ્રાકૃતિક અનાજ તથા કઠોળનું વેચાણ થયું હતું. આ વેચાણ બજાર દર શુક્રવારે ગણદેવીચાર રસ્તા, તાલુકા પંચાયત કચેરી, ગણદેવી પાસે આયોજન થશે. ખાધ સંબંધિત વિવિધ સમસ્યાઓના મુખ્ય કારણ પૈકી રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓથી મુક્ત અને સંપૂર્ણરીતે પ્રાકૃતિક ખેતીપધ્ધતિથી ઉત્પાદિતશાકભાજી, ફળો, વિવિધ અનાજ-કઠોળ તેમજ પ્રાકૃતિક ગોળ વગેરે મળી રહેશે. આ અવસરે કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ, શ્રીપરિમલભાઈ પટેલે આનવી પહેલને વધાવી તથા વેચાણ બજારનો વધુમાં વધુ લાભ લેવાઅપીલ કરી હતી.

સંખેડા તાલુકાના કન્ટેશ્વર ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમનો શુભારંભ કરાવતા ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવી

કમલમ્ ન્યુઝ,છોટાઉદેપુર, દરેક જરૂરિયાતમંદ નાગરિક સુધીસરકારશ્રીની વિવિધ યોજનાના લાભો પહોંચાડી તેમને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરી શકાય તેવા હેતુથી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત ગામોગામ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવીરહ્યું છે. જે અંતર્ગત સંખેડા તાલુકાના કન્ટેશ્વર ગામમાં ધારાસભ્ય શ્રી અભેસિંહભાઈ તડવી અને પ્રાંત અધિકારીશ્રી મૈત્રીદેવી સિસોદિયાની હાજરીમાં યોજાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, જાણકારીના અભાવે છેવાડાના માનવી સુધી યોજનાઓનો લાભ

પહોંચતો ન હોય તો તેમના સુધી જઈનેયોજનાનો લાભઆપવા માટે આ "વિકસિત ભારતસંકલ્પ યાત્રા" યોજવામાં આવી રહી છે. કોઈને આધારે રહેવું ન પડે અને તમામ નાગરિકો સ્વમાનભેરજીવન જીવી શકે અને આત્મનિર્ભર બને તે માટે સરકારશ્રી દ્વારાવિવિધ યોજનાઓ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી રહીછે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોને ત્રણ વખત પાકના વાવેતર માટે મદદરૂપ થવા સહાય રકમ ત્રણ હપ્તામાં ખેડૂતોને સીધી તેમના ખાતામાં જમા આપવામાં આવે છે. ગરીબ પરિવારોને માંદગી કે અકસ્માત વખતેવ્યાજે પૈસા લેવાન પડેકે કોઈ આગળ હાથ લંબાવવો ન પડે તે માટે આયુષ્માન કાર્ડ અંતર્ગત ૧૦ લાખસુધીની નિઃશુલ્કસારવાર પૂરી પાડવામાંઆવે છે. ગરીબ કલ્યાણ અન્નયોજનાદ્વારા જરૂરિયાતમંદોને વિના મૂલ્યે અનાજ પૂરું પાડવામાં આવી રહ્યુંછે. બાળકીઓઅને ધાત્રી માતાઓના પોષણ માટે સરકાર પોષણ કીટ પૂરી પાડી રહી છે. આ ઉપરાંત તેમણે આગેવાનો તેમજ અધિકારીઓને જરૂરિયાતમંદ લોકોને શોધી તેમને યોજનાઓનો લાભ અપાવવા અપીલ કરી હતી. શ્રીઅભેસિંહભાઈ તડવી તેમજ પ્રાંત અધિકારીશ્રી મૈત્રીદેવી તેમજ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો'વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓનેયોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત પોતાને મળેલ લાભની રજૂઆત કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ખેતરમાં ડ્રોન નિદર્શનપણ કરવામાંઆવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, ગામના સરપંચશ્રી, સંખેડા મામલતદાર શ્રીવાય.કે.વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી સાહેબ શ્રીજિગરભાઈ પ્રજાપતિ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

મહુવા તાલુકાના જોળ ગામ ખાતે ગ્રામ ટેક્નોલોજી સંસ્થાન દ્વારા મહિલાઓ માટે તાલીમ વર્ગ યોજાયો

કમલમન્યુઝ,મયુરપટેલ ગ્રામ ઉદ્યોગ સંસ્થાના કેન્દ્રના ઈન્ચાર્જના સહયોગથી જોળ ગામની ૧૮ થી ૪૫ વર્ષની ૩૦ જેટલીબહેનો માટે એક સપ્તાહના નાળિયેરીના રેસામાંથી આર્ટીકલ બનાવટના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતુ નાળિયેરીના રેશામાંથીવિવિધ ગૃહ સુશોભન માટેનાઆર્ટીકલો તેમજ રોજબરોજ ઘર વપરાશ માટે ઉપયોગમાં આવતી ચીજ વસ્તુ માટેના વિવિધ આર્ટિકલો નુ નિર્માણ કરવાનીતાલીમ આપવામાં આવી હતી આ તાલીમ દરમિયાન તેઓને દૈનિક ૮૩ રૂપિયા જેટલું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવ્યુ હતું ,વિકસિત ભારતસંકલ્પ યાત્રા દરમિયાન સ્ટોલોમાં પણ આ મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલી ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ અર્થે આર્ટીકલ ને મૂકવામાં આવ્યા હતા. મહુવા તાલુકાના જોળ ગામના વતની અને મહુવા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ,તાલુકા સદસ્ય શ્રીમતી વૈશાલીબેન અજીતભાઈ પટેલ દ્વારા મહિલા સશક્તિકરણ અર્થે હંમેશા વિવિધ કાર્યક્રમો થતા રહે છે અને ગામના છેવાડાની મહિલાઓ ગૃહ ઉદ્યોગના માધ્યમથી પોતાના પરિવારમાં પૂરક આવકના સ્ત્રોત ઊભા કરે એવા શુભ આશયથી તેઓ સતત પ્રયત્નશીલ રહે છે, વૈશાલી બહેનના આવા સંનિષ્ઠ પ્રયાસો ને મહુવા તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ હિતેશભાઈ નાયક દ્વારા અભિનંદન પાઠવી ઉત્તમ કામગીરી બદલ પ્રોત્સાહીત કરાયા હતા

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા માંગરોળ તાલુકાના માંડલ ઉમલા ગામના ગ્રામવાસીઓ

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનુંવિતરણ.

કમલમ્ ન્યુઝ, કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના માંગરોળ તાલુકાના માંડલ ઉમલા ગામે વિકસિતભારત સંકલ્પયાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનોદ્વારા સંકલ્પયાત્રાનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધશાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજ્યસરકારની પોષણ અભિયાન, પીએમકિસાન સમ્માન નિધી યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજના, તેમજ આઈ.સી.ડી.એસ માંથી મળતી તમામ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પુરીપાડવામાં આવી હતી. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાંઆવ્યું હતું. તેમજ પોષણ અભિયાન, પી.એમ.જે.વાય યોજના, સખી મંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગ, આઈસીડીએસ વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. તેમજ આંગણવાડી દ્વારા વિવિધવાનગીઓનો નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માંડલ ઉમલા ગામે ધારાસભ્યશ્રી ગણપતસિંહ વસાવા, જિલ્લા પંચાયતના સભ્યશ્રી દિનેશભાઈ સુરતી, તા.પં. પ્રમુખ સુરેશભાઈ ચૌધરી, તા.પં.ઉપપ્રમુખ, સરપંચશ્રી જીવણભાઈ ચૌધરી,ભાજપ જિલ્લા સંગઠન મંત્રી શ્રીમતી સીતાબેન ચૌધરી, ભાજપ મહામંત્રીશ્રી હરિવદનભાઈ ચૌધરી, સીડીપીઓશ્રી માધુરીબેન ગુપ્તા,મેડિકલ ઓફિસર ડોક્ટર હરેશ રાદડિયા, ખેતીવાડી વિસ્તરણ અધિકારી, વ્યાસમો વિભાગના અધિકારી, આર એન્ડ બી વિભાગના અધિકારી તેમજ તમામ સભ્યશ્રી, તમામ લાભાર્થી આંગણવાડી વર્કર, તેડાગર અને અન્ય વિભાગનાઅધિકારી સહિત મોટી સંખ્યામાંગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

વિકસિત ભારત સંકલ્પ યાત્રા' લાછકડી ગામના જનજન સુધી પહોંચી

વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વાંસદા તાલુકાના લાછકડી ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

સરકારની પ્રજાલક્ષી યોજનાનો લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કરતા નાયબ મુખ્ય દંડકશ્રી

વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની જવાબદારી લેતા લાછકડીના ગ્રામજનો

કમલમ્ ન્યુઝ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવસારીના વાંસદા તાલુકાના લાછકડી ગામે પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન ગ્રામજનોએ વડાપ્રધાનશ્રીનો પ્રેરક સંદેશ અને સરકારની પ્રજાલક્ષી યોજનાઓની માહિતી શોર્ટફિલ્મના માધ્યમથી નિહાળી હતી. આ પ્રસંગે ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણના સામુહિક શપથ લીધા હતા. આ તકે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલએ જણાવ્યુંકે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતનાસંકલ્પને સાકાર કરવાનું બીજ વિકસિત ભારત સંકલ્પ યાત્રાથકી રોપાયું છે. ત્યારે ઉપસ્થિત ગ્રામજનોપણ સરકારની પ્રજાલક્ષી યોજનાનો લાભ લઈને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભૂમિકા અદા કરે તેવો શ્રી વિજયભાઈ પટેલએઅનુરોધકર્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ "ધરતી કહે પુકાર કે"થીમ અંતર્ગત પર્યાવરણના જતન અનેરક્ષણ માટે પ્રાકૃતિક કૃષિને અપનાવવા પ્રેરિત કરતું નુકકડ નાટક નિહાળ્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની હેઠળ યોજનાના લાભાર્થીઓએ પોતાના અનુભવોને ગ્રામજનો સમક્ષ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં આયુષ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત વિનામૂલ્યેહેલ્થ ચેકઅપ કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો. આ વેળાએ આંગણવાડી કાર્યકર બહેનોએ મિલેટ્સમાંથી તૈયાર કરાયેલા સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગી નિદર્શન થકી સગર્ભા-ધાત્રી માતા, કિશોરીઓ, બાળકોમાટે માતૃશક્તિ,પૂર્ણાશક્તિ તેમજ બાળશકિતના લાભ વિશે અવગત કર્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે સરપંચશ્રીને અભિલેખાપત્ર એનાયત કર્યું હતું. ઉપરાંત, વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાયું હતું.આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી અંબાબહેન માહલા, પ્રાંત અધિકારી શ્રી ડી.આઈ.પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી રાજેન્દ્ર પરમાર ,તાલુકા પંચાયત પ્રમુખશ્રી , સરપંચશ્રી, પદાધિકારીઓ/ અધિકારીઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ નવા બસસ્ટેન્ડની આકસ્મિક મુલાકાત લેતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમન્યુઝ,બીનાપટેલ આણંદ જિલ્લામાં નિર્માણ પામેલ પોલીસઆવાસના લોકાર્પણ પ્રસંગે આણંદ ખાતે પધારેલા ગુજરાતના ગૃહ રાજય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કાર્યક્રમ બાદ આણંદના નવા બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાત લીધી હતી. મંત્રીશ્રી હર્ષ સંઘવીએ નવા બસ સ્ટેન્ડની મુલાકાત દરમિયાન મુસાફરો માટે બેસવાના બાંકડા, પીવાના પાણીની સુવિધા, પંખાની સુવિધા, સ્વચ્છતા સંદર્ભે શૌચાલયની સુવિધાની સાથે તેની સ્વચ્છતાજળવાય રહે તેમજ બસ સ્ટેન્ડ અને ત્યાં આવતી બસોની સફાઈ થાય છે કે કેમ તે સંદર્ભેની જાણકારી મેળવીપ્રવાસીઓને સારી પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે તાકિદ કરીહતી. ગૃહ રાજય મંત્રીશ્રીએ નવા બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાતલઈ નિરીક્ષણ કરી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના અધિકારીશ્રીઓને બસસ્ટેન્ડમાં તાત્કાલિક નવા બાકડાઓ મુકવા તથા જ્યાં પણ પંખા નથી ત્યાં નવા પંખા લગાવવા, શૌચાલયની સફાઈ થાય તે માટેની વ્યવસ્થિત સુવિધા તથા મુસાફરોને પીવાનું પાણી મળીતે માટેનીસુદ્રઢ વ્યવસ્થા ઉપલબ્ધ બનાવવા અને તેની આસપાસ નિયમિતસફાઈ રાખવા અંગે સૂચનાઆપી હતી. ગૃહ રાજય મંત્રીશ્રી હર્ષ સંઘવીનીઆ મુલાકાત દરમિયાન તેમની સાથે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રીઓ શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ પટેલ, જિલ્લા પોલીસઅધિક્ષક શ્રી પ્રવીણ કુમાર તથા અગ્રણીશ્રી રાજેશભાઈ પટેલઉપસ્થિત રહયાં હતા.

સ્કિલ ડેવલપમેન્ટસેમિનાર ૧૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજમહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાશે

કમલમ્ ન્યુઝ,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્માએ જણાવ્યુ કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત ૧૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ Viksit Bharat@2047 માટેકૌશલ્ય અને તેના ભવિષ્ય પર ફોકસ સાથેનો સેમિનાર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ આયોજિત કરી રહ્યું છે. આ માહિતીપ્રદ અને ઈન્ટરેક્ટિવ સેમિનાર અનુક્રમે ૧૦:૦૦ થી ૧૩:૦૦ કલાકે અને ૧૪:૩૦ થી ૧૭:૦૦ કલાક દરમિયાન "બિલ્ડિંગ વર્કફોર્સ ફોર ફ્યુચરઃ ડેવલપમેન્ટ ઓફ સ્કિલ્સ ફોર ઈન્ડસ્ટ્રી ૪.૦" અને "ડેવલપિંગ ગ્લોબલ નેટવર્ક ફોર સ્કિલ ડેવલપમેન્ટ" થીમ્સ પર સેમિનાર હોલ ૩, મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે ચર્ચા કરવામાંઆવશે. તેમણેજણાવ્યુ કે, "બિલ્ડિંગ વર્કફોર્સ ફોર ફ્યુચરઃ ડેવલપમેન્ટ ઓફ સ્કિલ્સ ફોર ઈન્ડસ્ટ્રી ૪.૦"પરના સેમિનારનો ઉદ્દેશ્ય ઈન્ડસ્ટ્રી ૪.૦ ની અસરને એક્સપ્લોર કરવા, આવશ્યક કૌશલ્યોને ઓળખવા, સ્કિલ ગેપને દૂર કરવા, તમામ ક્ષેત્રોમાં સહયોગને પ્રોત્સાહન આપવા અને ભવિષ્ય માટે તૈયાર કરાયેલા કાર્યબળને પોષવા માટેની વ્યૂહરચના ઘડવાનો અને તકનીકી પ્રગતિ અને ડિજિટલ પરિવર્તનના યુગમાં ઉદ્યોગોની વિકસતી માંગ સાથે સંરેખિત થવાનો છે. વધુમાં તેમણે જણાવ્યુ કે. ત્યાર બાદ, "ડેવલપીંગ ગ્લોબલ નેટવર્ક ફોર સ્કિલ ડેવલપમેન્ટ" વિષય પર સેમિનાર યોજાશે જેમાં કૌશલ્ય વિકાસ માટે વૈશ્વિક સ્તરે ઈન્ટરકનેક્ટેડ નેટવર્કની સ્થાપના અને સંચાલનને આધારભૂત બહુમુખી વ્યૂહરચનાઓ અને મિકેનિઝમ્સ વિશે ચર્ચા થશે. સાથે અત્યાધુનિક તકનીકોના સંશ્લેષણ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. નવીન શિક્ષણશાસ્ત્ર, પદ્ધતિઓ, અને આંતરરાષ્ટ્રીય સહયોગ ૨૧મી સદીના કર્મચારીઓ માટે માનવમૂડીના ઑપ્ટિમાઈઝેશનમાં વ્યાપક આંતરદૃષ્ટિને પ્રોત્સાહન આપે છે.

સેમિનારઃ બિલ્ડિંગ વર્કફોર્સ ફોર ફ્યુચરઃ ડેવલપમેન્ટ ઓફ સ્કિલ્સ ફોર ઈન્ડસ્ટ્રી ૪.૦

આ સેમિનાર અંગે તેમણે વાતકરતા જણાવ્યુ કે, સેમિનારનું ઉદ્ઘાટન કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાના માનનીય રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખર દ્વારા ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયનાસચિવશ્રીઅતુલકુમાર તિવારી અને ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસઅને રોજગાર વિભાગના માનનીય મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. ત્યાર બાદ, માઈક્રોન ટેકનોલોજીના ગ્લોબલ ઓપરેશન્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ગુરશરણ સિંઘ, GIZના વિશેષજ્ઞ રેને પેપે અને ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ડસ્ટ્રીયલ ટ્રાન્સફોર્મેશન (INCIT)ના સ્થાપક અને સીઈઓ શ્રી રાયમન્ડ કલેઈનની હાજરીમાં ઈન્ડસ્ટ્રી ૪.૦, ફ્યુચર ઓફ વર્ક, ઈન્ડસ્ટ્રી ૪.૦ સ્કિલ લેન્ડસ્કેપ ફોર ઈન્ડસ્ટ્રી ૪.૦ માટે ઈમર્જિંગ સ્કીલ્સ પર ટેકનિકલ સેશન યોજાશે. ઈન્ડસ્ટ્રી ૪.૦ માટે કૌશલ્ય લેન્ડસ્કેપ નેવિગેટ કરવાપર પેનલ ડિસ્કશન પણયોજાશે, જેમાં સ્માર્ટ મેન્યુફેક્ચરિંગની વૈશ્વિક કૌશલ્ય માંગ, કૌશલ્ય વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સહયોગ, કૌશલ્ય વિકાસમાં નવીનતા અને ટેક ઈન્ડસ્ટ્રીનું ભવિષ્ય અને કૌશલ્ય માંગનો વિષયો દર્શાવવામાં આવશે. પેનલનું સંચાલન કરનારા મહાનુભાવોમાં AICTEના વાઈસ ચેરમેનશ્રી અભય જેરે અને સિમેન્સના સેવા નિયામક શ્રી રામમૂર્તિ અયપ્પન, L&Tના સ્કિલ ડેવલપમેન્ટ મિશનના ચીફ એક્ઝિક્યુટિવ શ્રી કે રામકૃષ્ણન અને છઇઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્કિલના CEO શ્રી સબ્યસાચી દાસનો સમાવેશ થાય છે.

સેમિનારઃ ડેવલપીંગ ગ્લોબલ નેટવર્ક ફોર સ્કિલ ડેવલપમેન્ટ

બપોરના સત્ર અંગે વાત કરતાતેમણે જણાવ્યુ કે, સેમિનારનું ઉદ્ઘાટન ભારતસરકારના શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાના માનનીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અનેરોજગારના માનનીયમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતઅને NSDC (નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન) અને NSDC ઈન્ટરનેશનલના CEO અને MD શ્રી વેદમણિ તિવારીની હાજરીમાં કરશે. કૌશલ્ય વિકાસની અંદર કેસ સ્ટડીઝ દ્વારા શ્રેષ્ઠ પ્રથાઓનું વિશ્લેષણ કરવા સાથે વૈશ્વિક કૌશલ્ય વિકાસ નેટવર્ક્સ, ટેક્નોલોજી એકીકરણ, સરકારી નીતિઓ અને નિયમોના મહત્વની ચર્ચા કરતુ પેનલ ડિસ્કશન યોજવામાં આવશે. આ ઈવેન્ટમાં વક્તાઓની એક વિશિષ્ટ પેનલ દર્શાવવામાં આવશે, જેમાં સેન્ટર ફોર ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા રિલેશન્સના સીઈઓ શ્રી ટિમ થોમસ; સિંગાપોર (ITES)ના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ એજ્યુકેશનના શ્રી બ્રુસ પોહ, Skillman.eu નાચેરમેનશ્રી જીઓવાન્નીક્રિસોના, શ્રી સુંગસુપરા, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ અને એડીબીખાતે સેક્ટર ગ્રુપના ડેપ્યુટી ગ્રુપ ચીફ; અને શ્રીઓસ્કાર મેક્સિકા, કોકા-કોલા બોટલિંગ ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપના ચીફ પીપલ ઓફિસરનો સમાવેશ થાય છે. આ સત્રનું સંચાલનસુશ્રી મધુશ્રીસેખર, ડીન, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સખાતે કૌશલ્ય શિક્ષણ શાળા દ્વારાકરવામાં આવશે. સેમિનારનો ઉદ્દેશ્યએક સમજદારઅને આકર્ષક ઈવેન્ટ બનવાનો છે, જે સહભાગીઓને કૌશલ્ય વિકાસના પરિવર્તનકારી પાસાઓને સમજવાની તક આપે છે. તે સર્વગ્રાહી વિકાસ, માહિતગાર નિર્ણય લેવા અને ગુજરાત અને દેશના ટકાઉ વિકાસ માટે કાર્યક્રમની અસરોની વ્યાપક સમજ પ્રદાન કરશે. અંતમાંતેમણે તમામ સંબંધિત હિતધારકો, ઉદ્યોગ નિષ્ણાતો અને નીતિ નિર્માતાઓને આ પ્રભાવશાળી સત્રમાં જોડાવા માટે હાર્દિક આમંત્રણ આપ્યું હતું. વધુ વિગતોઅને નોંધણી માટે, કૃપા કરીને https://www.vibrantgujarat.com/નીમુલાકાત લો

સત્યાગ્રહની પૂણ્યભૂમિ વલસાડના ધરાસણામાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ધામધૂમથી સ્વાગત કરાયું

પહેલા દિલ્હીથી આવતો ૧ રૂપિયો લાભાર્થી સુધી પહોંચતા ૧૫ પૈસા થઈ જતો હવે લાભાર્થીને પુરેપુરો ૧ રૂપિયો મળે છેઃ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

આરોગ્ય ક્ષેત્રની વિશ્વની સૌથી મોટી યોજના આયુષ્યમાન કાર્ડ આજે ગરીબો માટે સંજીવની બુટી સમાન છેઃ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

વિકસિત ભારતના સંકલ્પની સાથે પ્લાસ્ટીકના વપરાશ પર પ્રતિબંધ અંગે પણ તમામે સંકલ્પ લેવાના છેઃ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

- **મંત્રીશ્રીના હસ્તે રૂ. ૧૪ લાખના ખર્ચે નવ નિર્મિત ધરાસણા ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કરાયું**
- **નાની દાંતી-મોટી દાંતી ગામમાં દરિયાનું ધોવાણ અટકાવવા રૂ. ૫૦.૨૦ કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલ બનશે**

કમલમ્ ન્યુઝ,

સત્યાગ્રહની સ્મૃતિઓને સંગ્રહીને બેઠેલાવલસાડ તાલુકાના ધરાસણા ગામની પૂણ્યભૂમિ પર રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રીમુકેશભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં વિકસિત ભારતસંકલ્પ યાત્રાઆવી પહોંચતા ગ્રામજનો દ્વારાઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આપ્રસંગે રૂ. ૧૪ લાખના ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત ગ્રામપંચાયત ભવનનું લોકાર્પણ મંત્રીશ્રીનાહસ્તે કરવામાં આવ્યુ હતું. ભારતની આઝાદીના અમૃત કાળમાં રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધજન કલ્યાણલક્ષી યોજનાઓ અંગેછેવાડાના માનવી સુધી જાગૃતિ કેળવાય અને ઘર આંગણે વિવિધયોજનાકીય લાભો મળી રહે તે માટે માહિતીસભર આધુનિક રથ સાથે નીકળેલી વિકસિત ભારત સંકલ્પયાત્રાનો રથ વલસાડ તાલુકાના ધરાસણા ગામમાં આવી પહોંચતા મંત્રીશ્રીએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ગ્રામજનોને સંબોધીને જણાવ્યું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગરીબ પરિવારમાંથી આવ્યા હોવાથી ગરીબીને સારી રીતે જાણે છે, ગરીબોના કલ્યાણ માટે તેઓ હંમેશા ચિંતિત રહે છે. આજે તમારા ગામમાં મોદી સરકારની ગેરંટી વાળો રથ આવીપહોંચ્યો છે. જેના દ્વારા જે પણ ગરીબ અને વંચિત હોય તેને સરકારની યોજનાના લાભ ઘર આંગણે મળશે. પહેલા દિલ્હીથી ૧ રૂપિયો મોકલાતો હતો તે લાભાર્થી સુધી પહોંચતા માત્ર ૧૫ પૈસા થઈ જતો હતો. વચ્ચેના ૮૫ પૈસાવચેટીયા હજમ કરી જતા હતા. તેઓને નાબૂદ કરવા વડાપ્રધાનશ્રીએ તમામ લોકોના બેંકમાં જન ધન ખાતા ખોલાવ્યા હતા. હવે દિલ્હીથી નીકળેલો ૧ રૂપિયો પુરેપુરો લાભાર્થીના ખાતામાં ડીબીટીથી જમા થાય છે. જે રીતેઆપણે આપણાઘરને સ્વચ્છ અને સુંદર રાખીએ છીએ તેમ આપણા ગામ અને દેશને પણ સ્વચ્છ રાખવાની જવાબદારી આપણી છે. જે માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલુ સ્વચ્છ ભારત અભિયાન આજે જન આંદોલન બની ચૂક્યુંછે. આજે અહીં વિકસિત ભારતના સંકલ્પની સાથે પ્લાસ્ટીકના વપરાશ પર પ્રતિબંધ અંગેપણ તમામે સંકલ્પ લેવાનો છે. જન જનના આરોગ્યની પ્રધાનમંત્રીશ્રીએ ચિંતાકરી વિશ્વની સૌથી મોટી આયુષ્યમાન કાર્ડ યોજના લાગુ કરીછે. આજે રૂ. ૧૦ લાખ સુધીની સારવાર માટે કોઈ પાસે હાથ લંબાવવો પડતો નથી. આયુષ્યમાન કાર્ડ આજે સંજીવની બુટી સમાન છે. જેથી જે લોકોના પણ આયુષ્યમાન કાર્ડ કઢાવવાના બાકી છે તે લોકોઆજે જ અહી રથ આવ્યો છે તો તુરંત આયુષ્યમાન કાર્ડ કઢાવી લે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા અને ખેતીને આધુનિક બનાવવા માટે સતત પ્રયત્નશીલ વડાપ્રધાનશ્રીએ નેનો યુરીયાખાતર અને ડ્રોન ટેકનોલોજી અમલમાં મુકી છે. જેથી ખેડૂતનો શ્રમ, પૈસાઅને સમય પણ બચશે. વધુમાંમંત્રીશ્રીએ જણાવ્યુંકે, નાની દાંતી- મોટી દાંતી ગામમાં દરિયાના પાણીને અટકાવવા માટે સમુદ્ર કાંઠાનું ધોવાણ અને ખારૂ પાણી ગામમાં આવતા અટકશે. વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું મહત્વ સમજાવી જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ ગરીબોના મસીહા છે, દેશની જનતા એ જ એમનો પરિવાર છે. તેમણે સરકારી યોજનાનોલાભ ગરીબો અને વંચિત સુધી પહોંચે તે માટે જ આ યાત્રા શરૂ કરાવી છે. ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ નવી ઉંચાઈ સર કરી રહ્યો છે. વર્ષ ૨૦૪૭ માં આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે ત્યારે આપણો દેશ વિકસિત રાષ્ટ્ર બની ચૂક્યો હશે તે દિશામાં પ્રયાણ માટે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા નીકળી છે. જેના દ્વારા લોકોને સરકારી યોજનાના લાભ ઘર આંગણે મળી રહ્યા છે. આ પ્રસંગે ધરાસણાના ગ્રામ સખી મંડળની બહેનો દ્વારા પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતુ ધરતી કહે પુકાર કે... નાટક રજૂ કરવામાંઆવ્યું હતું. જેનાથી લોકો પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત થયા હતા. આધુનિક ખેતી માટે ગામના ખેડૂતોએ ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી નેનો યુરિયા છંટકાવનું ડેમોસ્ટ્રેશન નિહાળીને તેના લાભ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં ગ્રામજનોના આરોગ્યની તપાસણી, સ્થળ પર યોજનાઓનો લાભ, માહિતી અને ફોર્મ ભરવા સહિતની કામગીરીને પણ આવરી લેવામાં આવી હતી. લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભ આપી લાભાન્વિત કરવામાં આવ્યા હતા. ગ્રામજનોએ સંકલ્પ રથના માધ્યમથી કલ્યાણકારી યોજનાઓની માહિતી અને વડાપ્રધાનશ્રીનો પ્રેરક સંદેશ નિહાળ્યો હતો. આપ્રસંગે વિકસિત ભારતના નિર્માણની ગ્રામજનોએ સામૂહિક પ્રતિજ્ઞાલીધી હતી. 'મેરી કહાની, મેરી જુબાની' કાર્યક્રમ હેઠળ યોજનાકીય લાભાર્થીઓએ પોતાના અનુભવો રજુ કર્યા હતા. આપ્રસંગે જિલ્લાપંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ઉપપ્રમુખ બ્રિજનાબેન પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી ક્ષિપ્રા આગ્રે, પ્રાંત અધિકારી આસ્થા સોલંકી, ડીસીએફ ઋષિરાજ પુવાર અને ગામના સરપંચ જશુબેન વિજયભાઈ પટેલ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન વલસાડ તાલુકા વિકાસ અધિકારીમહેન્દ્ર ચૌધરીએ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાગડાવડાના તલાટી મોહન શર્માએ કર્યુ હતું.

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે સ્વામિનારાયણ ધામ ઇન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે શાળા કક્ષાનો G-20 કાર્નિવલ ઓફ કન્ટ્રીઝ કાર્યક્રમ ભગવાન સ્વામિનારાયણની આરતી તથા પૂજ્ય સંતશ્રીઓના આશીર્વાદ સાથે ખુલ્લો મુકાયો જેમાં હાજરી આપી. આ કાર્યક્રમમાં સાથે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, SMVS સંસ્થાના પૂજ્ય સંતગણ, મીડિયા વિભાગના પ્રદેશ કાર્યકલ મંત્રી શ્રી પાર્થભાઈ રાવલ, પ્રદેશ મીડિયા વિભાગના અધિકારીશ્રી હેમાંગભાઈ પટેલ, શૈલેષભાઇ પરમાર અને રાજુભાઈ દેસાઈ, વોર્ડ નંબર-૧૦ ના કોર્પોરેટર શ્રી પોપટજી, માજી સરપંચ રાયસણ શ્રી યોગેશભાઈ પટેલ તથા મોટેરાના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ શુભ પ્રસંગે જીસ્ફજી સંસ્થાના ગુરુજી પરમ પૂજ્ય સ્વામીશ્રી સત્યસંકલ્પદાસજી ના દિવ્ય દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અમૂલ્ય લ્હાવો મળ્યો.

ઈસરોના અધ્યક્ષ ડૉ. એસ સોમનાથે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત કરી

ચંદ્રયાનના સફળ મિશનથી ઈસરોએ ભારતને જે સન્માન અપાવ્યું છે; તેના માટે ભારત હંમેશા ઋણી રહેશેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત

કમલમ્ ન્યુઝ,

ઈસરોના ચેરમેન ડૉ. એસ સોમનાથે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતસાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આપ્રસંગે શ્રીઆચાર્ય દેવવ્રતે પોતાની બેંગલોર ઈસરોની મુલાકાત દરમિયાનના સ્મરણો વાગોળ્યા હતા તેમજ ઈસરોના વૈજ્ઞાનિકોની તપસ્યા અને પરિશ્રમની પ્રશંસા કરી હતી. રાજ્યપાલશ્રીએ ડૉ. એસ સોમનાથને જણાવ્યુ હતું કે ચંદ્રયાનના સફળ મિશનથી ઈસરોએ ભારતને જે સન્માન અપાવ્યું છે; તેના માટે ભારત હંમેશા તેમનું ઋણી રહેશે. રાજ્યપાલશ્રીએ ઓછાખર્ચે આટલું મોટું અભિયાન પાર પાડવા માટે ઈસરો તેમજ ડૉ. એસ સોમનાથને શુભેચ્છાપાઠવીહતી. આ મુલાકાત દરમિયાન વરિષ્ઠ પરિયોજના વૈજ્ઞાનિક શ્રી રાજન પિલ્લઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએબંને મહાનુભાવોનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું; જ્યારે ડૉ. એસ સોમનાથને રાજ્યપાલશ્રીનેચંદ્રયાનના લોંચિંગ માટે ઉપયોગમાં લેવાયેલા લોન્ચ વ્હિકલનીપ્રતિકૃતિ ભેટઆપી હતી.

આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે રૂ.૩.૧૧ કરોડના ખર્ચે માંડવી તાલુકાના વિવિધ ગામોના છ વિકાસકામોનું ખાતમુહૂર્ત

માંડવીના દરેક ગામોનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કરી રમણીય બનાવવાનો સંકલ્પઃઆદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ

ગ્રામ્ય અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છેઃ આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ

કમલમન્યુઝ, મયુર પટેલ

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના વિવિધ ગામોમાં વિવિધ યોજના અંતર્ગત મંજૂર થયેલારૂ.૩.૧૧ કરોડનાછ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાં રૂ.૮૦ લાખના ખર્ચે વરજાખણ બસ સ્ટેશનથી ડુંગરી ફળિયાને જોડતા રસ્તા બનાવવાનું કામ, રૂ.૧૭ લાખના ખર્ચે પુના ગામમાં પંચાયત ઘર, રૂ.૧૭ લાખના ખર્ચે કોસાડી ગ્રામ પંચાયતઘર, રૂ.૧૭ લાખના ખર્ચે નિર્મિત ઉન ગામમાં પંચાયત ઘર, રૂ.૬૦ લાખનાખર્ચે ગોદાવાડી ગામે બસ સ્ટેશનથી કોસાડી જતા રસ્તાનું કામ, રૂ.૧૨૦લાખના ખર્ચે ગોડસંબાથી ગોદાવાડી દેવ ફળિયા પ્રા. શાળાને જોડતા રસ્તાનું કામ મળી કુલ રૂ.૩.૧૧ કરોડના છ કામોનું ખાતમુહૂર્તકર્યું હતું. આ કામો દ્વારા માંડવીના નગરજનો માટે આગવી માળખાગત સુવિધાઓ ઉભી થનાર છે. આ પ્રસંગે આદિજાતિરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડવીના દરેક ગામોનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કરી રમણીય બનાવવાનો સંકલ્પ કર્યોછે, જેથી નાનામોટા વિકાસના કામોની સમીક્ષા કરી મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત મુકી રહ્યો છું. રાજ્ય સરકાર નાનમાં નાના વ્યક્તિનો વિચાર કરીને એ દિશામાં કામ કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છે. રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાંઆવશે એમ તેમણે ઉમેર્યું હતું રાજ્ય સરકાર દ્વારા શ્રેણીબદ્ધ વિકાસકામો થઈ રહ્યાં હોવાનું જણાવતાં મંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓ અને ગામના સરપંચ અને પંચાયતના સભ્યોને લોકોના સતત સંપર્કમાં રહી તેમની લાગણીઓ અને માંગણીઓ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા સાથે વધુમાં વધુ વિકાસકામો સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રોહિતભાઈ, માંડવી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી દિલીપભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત સુરતના સભ્યશ્રી અનિલભાઈ ચૌધરી, માંડવી પ્રાંત અધિકારીશ્રી કૌશિકભાઈ જાદવ, માંડવી તાલુકાવિકાસ અધિકારીશ્રી રવિન્દ્રસિંહ સોલંકી, માંડવી મામલતદાર મનીષભાઈ પટેલ, ગોદાવાડી ગામના સરપંચશ્રી સ્વાતિબેન પટેલ, તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028